| | | |
|---|---|---|
| Received on dt. | : | 13/12/2022 |
| Registered on dt. | : | 13/12/2022 |
| Decided on dt. | : | 07/10/2023 |
| Duration | : | Y. : M. : D.<br>00 09 24 |

=================================================

**મહે. કલ્યાણપુરનાં જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**
**મું. કલ્યાણપુર.**

=================================================

**ફોજદારી કેસ નં. ૧૨૯૨/૨૦૨૨.**

**આંક :–**

શ્રી સરકાર

**.. ફરિયાદી**

**:: વિરૂધ્ધ ::**

(૧) રમેશચંદ્ર ઉર્ફે બાબલી શેઠ વ્રજલાલ સચદેવ,
જાતે : હિન્દુ, ઉ.વ. ૩૮, ધંધો–વેપાર,
રહે. નંદાણા ગામ,
તા. કલ્યાણપુર, જી. દેવભુમિધ્વારકા.

(૨) મેરુભાઈ રણમલભાઈ ચાવડા
જાતે : આહીર, ઉ.વ. ૩૩, ધંધો–ખેતીકામ,
રહે. નંદાણા ગામ, શહીદવીરના સ્મારક બાજુમાં,
તા. કલ્યાણપુર, જી. દેવભુમિધ્વારકા.

(૩) રામભાઈ સામતભાઈ ચાવડા,
જાતે : આહીર, ઉ.વ. ૪૨, ધંધો–ખેતીકામ,
રહે. નંદાણા ગામ વાછરાદાદાના મંદિર પાસે,
તા. કલ્યાણપુર, જી. દેવભુમિધ્વારકા.

(૪) કલ્પેશભાઈ પ્રફુલચંદ્ર સચદેવ,
જાતે : લોહાણા, ઉ.વ. ૩૫, ધંધો–વેપાર,
રહે. નંદાણા ગામ, હનુમાનજીના મંદિર પાસે,
તા. કલ્યાણપુર, જી. દેવભુમિધ્વારકા.

(૫) રામભાઈ આલાભાઈ આંબલીયા,
જાતે : આહીર, ઉ.વ. ૩૨, ધંધો–ખેતી
રહે. નંદાણા વાડી વિસ્તાર,
તા. કલ્યાણપુર, જી. દેવભુમિધ્વારકા. ... **આરોપીઓ**

**ગુનો:–** જુગારધારા કલમ–૪, ૫ મુજબ.

**સંદર્ભ :–** કલ્યાણપુર પોલીસ સ્ટેશન પાર્ટ–બી ગુના રજી.નં. ૨૨૦૯૬૭/૨૦૨૨.

ફરિયાદી તરફે :– વિ.એ.પી.પી.શ્રી જે.જે.રાઘવાણી.
આરોપીઓ તરફે :– વિ.વકીલશ્રી એચ. જે. રાઠોડ.

**–: ઠ રા વ :–**

(૧) સદરહું કામના ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગઈ તારીખ: ૧૫/૦૮/૨૦૨૨ ના રોજ કલાક ૦૨:૩૫ વાગ્યે નંદાણા ગામે રમેશચંદ્ર ઉર્ફે બાબલી શેઠ વ્રજલાલ સચદેવએ પોતાના કબજા ભોગવટાના રહેણાંક મકાનમાં બહારથી માણસો બોલાવી ગંજી પતાના પાના પૈસા વડે તીનપતી રોન નામનો પૈસાની હારજીતનો જુગાર રમી રમાડી જુગારીઓને સુખ સુવિધાઓ પુરી પાડી તેના બદલામાં નાલના રૂપિયા ઉઘરાવી જુગારનો અખાડો ચલાવી કુલ રોકડ રકમ રૂ. ૩૫૫૦૦/– તથા ગંજીપતાના પાના નંગ–૫૨ કિંમત રૂ. ૦૦–૦૦ ના મુદસામાલ સાથે પકડાઈ જઈ જુગાર ધારા કલમ–૪,૫ મુજબનો ગુન્હો કરેલ હોઈ, જે મતલબની ફરિયાદ ફરિયાદીએ આપતા તે અનુસંધાને કલ્યાણપુર પોલીસ સ્ટેશન પાર્ટ–બી ગુના રજીસ્ટર નં. ૨૨૦૯૬૭/૨૦૨૨ થી ગુનો દાખલ કરવામાં આવેલ.

ત્યાર બાદ, તપાસનીશ અમલદારે તપાસને અંતે આરોપી વિરુધ્ધ પૂરતો પુરાવો હોવાનું જણાતા, જુગારધારા કલમ–૪, ૫ મુજબ ના ગુના અંગેનું ચાર્જશીટ નામદાર કોર્ટમાં રજૂ કરેલ છે.

(૨) સદરહું કામના આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર થતાં, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ પોલિસ તપાસનાં કાગળોની નકલો વિના–મૂલ્યે પૂરી પાડવામાં આવેલ. અત્રેની અદાલત દ્વારા આરોપીઓ વિરુધ્ધનાં આક્ષેપિત ગુના અંગે સમજાવી આરોપીઓની અનુક્રમે આંક–૦૯ થી આંક–૧૩ સુધીની પ્લી લેતાં, આરોપીઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરતા, સદરહું કામના આરોપીઓ વિરુધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) સદરહું કામમાં ફરિયાદ પક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ થયેલો છે :–

**<u>મૌખિક પુરાવાઓ :–</u>**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| (૧) | આંક–૧૫ | ફરીયાદી તથા તપાસ કરનાર અમલદાર પો.હે.કો. રાજાભાઈ નાથાભાઈ ગોજીયાની જુબાની |
| (૨) | આંક–૧૮ | પંચ સાહેદ નરોતમભાઈ મનજીભાઈ પરમારની જુબાની |
| (૩) | આંક–૨૦ | પંચ સહેદ દિનેશભાઈ ગોવિંદભાઈ રાઠોડની જુબાની |
| (૪) | આંક–૨૨ | પોલીસ સાહેદ પો.કો. જનકભાઈ કાનાભાઈ કરમુરની જુબાની |
| (૫) | આંક–૨૩ | પોલીસ સાહેદ પો.કો. દિલપભાઈ મનસુખભાઈ બાવળીયાની જુબાની |
| (૬) | આંક–૨૮ | પોલીસ સાહેદ પો.કો. મેહુલભાઈ રામભાઈ પોસ્તરીયા |
| (૭) | આંક–૨૯ | પોલીસ સાહેદ પી.એસ.ઓ. એ.એસ.આઈ. રામશીભાઈ વિક્રમભાઈ ચાવડાની જુબાની |
| (૮) | આંક–૩૦ | પોલીસ સાહેદ પી.એસ.આઈ. મેહુલભાઈ રતિલાલ મકવાણાની જુબાની |

**<u>દસ્તાવેજી પુરાવાઓ :–</u>**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | આંક–૧૬ | જુગાર ધારા કલમ–૬ મુજબનું વોરંટ |
| (૨) | આંક–૧૭ | ફરીયાદ |
| (૩) | આંક–૧૯ | રેઈડ કર્યા અંગેનું પંચનામું, |

(૪) સદરહું કામે ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા મૌખિક વિનંતીથી ફરિયાદપક્ષનો પુરાવો પુર્ણ થયાનું જાહેર કરતા, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવા યોગ્ય પુરાવો હોઈ આથી આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. તેમાં આરોપીઓએ પોતાના વિરૂધ્ધ ખોટો કેસ કરેલ હોવાનું જણાવી પોતે નિર્દોષ હોઈ છોડી મુકવા વિનંતી કરેલ છે. સદરહું કામે બચાવપક્ષ તરફે સાહેદ તપાસેલ નથી કે સોગંદ ઉપર પુરાવો રજૂ કરેલ નથી.

(૫) ત્યાર બાદ ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી જે.જે.રાઘવાણી તથા આરોપીઓ તરફે વિ.વકીલ શ્રી એચ. જે. રાઠોડ તરફે કરવામાં આવેલ મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) સદરહું કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**::– મુદ્દાઓ –::**

૧. શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઈ તારીખ: ૧૫/૦૮/૨૦૨૨ ના રોજ કલાક ૦૨:૩૫ વાગ્યે નંદાણા ગામે રમેશચંદ્ર ઉર્ફે બાબલી શેઠ વ્રજલાલ સચદેવએ પોતાના કબજા ભોગવટાના રહેણાંક મકાનમાં બહારથી માણસો બોલાવી ગંજી પતાના પાના પૈસા વડે તીનપતી રોન નામનો પૈસાની હારજીતનો જુગાર રમી રમાડી જુગારીઓને સુખ સુવિધાઓ પુરી પાડી તેના બદલામાં નાલના રૂપિયા ઉઘરાવી જુગારનો અખાડો ચલાવી કુલ રોકડ રકમ રૂા. ૩૫૫૦૦/– તથા ગંજીપતાના પાના નંગ–૫૨ કિંમત રૂા. ૦૦–૦૦ ના

મુદસામાલ સાથે પકડાઈ જઈ જુગાર ધારા કલમ–૪,૫ મુજબનો શિક્ષા ને પાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાના નિર્ણયો કારણો સહિત નીચે મુજબ છે.

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

**–: કા ર ણો :–**

**મુદા નં.૧ :–**

(૮) સદરહું કામે આરોપીઓ સામેનો હાલનો કેસ છે તે ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના પ્રવર્તમાન સિધ્ધાંતો મુજબ ફરિયાદ પક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે, જો ફરિયાદ પક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ જાય તો ફરિયાદ પક્ષના તેવા પુરાવાના આધારે આરોપીઓને સજા કરી શકાય નહીં.

(૯) સદરહું કામે ફરીયાદ પક્ષ તરફે રજુ પુરાવાઓનું મુલ્યાંકન કરીએ તો, ફરીયાદ પક્ષ તરફે સદરહું કામે આંક–૧૫ થી ફરીયાદી તથા તપાસ કરનાર અમલદાર પો.હે.કો. રાજાભાઈ નાથાભાઈ ગોજીયાની સોગંદ ઉપરની જુબાની લેવામાં આવેલ છે, તે અન્વયે તેઓએ સરતપાસ દરમ્યાન જણાવેલ છે કે, ''ગઈ તા.૧૪/૦૮/૨૦૨૨ ના કલાક ૨૩:૦૦ વાગ્યા થી અમો તથા પી.એસ.આઈ. એલ. એલ. ગઢવી તથા પો.કો. જનકભાઈ કાનાભાઈ કરમુર તથા પો.કો. દિલીપભાઈ મનસુખભાઈ બાવળીયા તથા પો.કો. મેહુલભાઈ રતીલાલ મકવાણા તથા પો.કો. મેહુલભાઈ રામભાઈ પોસ્તરીયા તથા પી.એસ.આઈ. એફ. બી. ગગનીયા સાહેબ સાથે જુગાર ડ્રાઈવ અંગે ના.રાંમાં હતાં દરમ્યાન આજરોજ કલાક ૧:૦૦ વાગ્યે નંદાણા ગામે આવતા અમોને ખાનગી રાહે હકીકત મળેલ અને

સદરહું હકીકત અમો તથા પી.એસ.આઈ. સાહેબેશ્રીને અગાઉ મળેલ અહીં નંદાણા ગામે ખરાવાળ વિસ્તારમાં રહેતો રમેશચંદ્ર ઉર્ફે બાબલી શેઠ વ્રજલાલ સચદેવ પોતાના રહેણાંક મકાનમાં બહારથી માણસો બોલાવી પોતાના અંગત ફાઈદા માટે નાલ ઉઘરાવી તીન પતી રોન પોલીસ નામનો પ્રસાની હારજીતનો જુગાર રમે રમાડે છે જેવી હકીકત આધારે પી.એસ.આઈ. સાહેબે ખંભાળીયા વિભાગનાઓ પાસેથી જુગાર ધારા કલમ–૦૬ મુજબનું ખાસ વોરંટ નંબર  ૨૭/૨૦૨૨ તા.૧૩/૦૮/૨૦૨૨ થી તા. ૧૫/૦૮/૨૦૨૨ સુધીની મુદતનું મેળવેલ જે હાલના કામે રજુ કરુ છુ જે રજુ દા. આંક–૧૬ ત્યાર બાદ જુગારનો અખાડો ચાલું હોવાની હકીકત મળતા અમોએ હકીકત વાળી જગ્યાએ વેરીફાઈ કરતા હાલમાં જુગારનો અખાડો ચાલં હોય જેથી તુરત જ બે પંચોના માણસો બોલાવી પંચોને વાકેફ કરી અરસ પરસ ઝડતી તપાસ કરી કલાક ૧:૧૫ થી ૧:૩૦સુધીનું પ્રાથમિક પંચનામું કરી લઈ પગે ચાલી હકીકત વાળી જગ્યાએ કલાક ૧:૩૫ વાગ્યે રેઈડ કરતા રાધેક્રિષ્ના નામનો કપડાનો શો રૂમ હોય જે શોરૂમની સીડી ચડતા  અંદર પ્રવેશતા કુલ ૫(પાંચ) ઈસમો ગોળ કુંડાળુ વળી ગંજી પતાના પાના પૈસા વડે તીન પતી રોનપોલીસ નામનો જુગાર રમતા હોય તેઓને જેમના તેમ બેસાડી  દઈ રમેશચંદ્ર ઉર્ફે બાબલી શેઠ વ્રજલાલ સચદેવના નામનો પોકાર કરતા બેઠેલ ઈસમમાંથી એક ઈસમ ઉભો થયેલ જેને જુગાર ધારા કલમ–૬ ના વોરંટની સમજ કરેલ અને આરોપીઓને તથા મુદ્દામાલ સાથે મળી આવેલ જેમાં (૧)રમેશચંદ્ર ઉર્ફે બાબલી શેઠ વ્રજલાલ સચદેવ, રહે. નંદાણા ગામ ખરાવાડ વિસ્તાર (૨) મેરુભાઈ રણમલભાઈ ચાવડા, રહે. નંદાણા  (૩) રામભાઈ સામતભાઈ ચાવડા, રહે. નંદાણા ગામ, (૪) કલ્પેશભાઈ પ્રફુલચંદ્ર સચદેવ, રહે. નંદાણા  (૫) રામભાઈ આલાભાઈ આંબલીયા, રહે નંદાણા વાડી વિસ્તાર આ બધાને પંચનામાની વિગતે અટક કરેલ અને તમામ પાસેથી તથા પટ્ટ માંથી કુલ રોકડ રકમ રૂા. ૩૫૫૦૦/–

તથા ગંજી પતાના પાના નંગ–૫૨ કિંમત રૂા. ૦૦–૦૦ ગણી પંચનામાની વિગતે કબજે કરેલ અને આરોપીઓ વિરૂધ્ધ અમોએ પી.એસ.આઈ. એફ. બી. ગગનીયા સાહેબ રૂબરૂ ફરીયાદ આપેલ જે ફરીયાદ મને બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે તે હું ઓળખી બતાવી રજુ કરુ છુ જે રજુ દા. આંક–૧૭ ત્યાર બાદ પી.એસ.ઓ. શ્રીએ ગુનો રજી કરી આગળની તપાસ અમોને સોપતા તપાસ સંભાળી લઈ લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલ તથા આરોપીઓના ખુલ્લાસા લઈ આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ.'' તેવી હકીકત સદરહું તપાસ કરનાર પોલીસ સાહેદે સરતપાસ દરમ્યાન જણાવેલ છે. સદરહું સાહેદની આરોપી તરફે લેવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે,''એ વાત ખરી છેકે, આ કામે ફરીયાદી તથા તપાસ કરનાર અમલદાર હુ પોતે જ છુ. એ વાત ખરી છેકે, મારી ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. અમો પેટ્રોલીંગમાં ખાનગી વાહનમાં ગયેલા. એ વાત ખરી છે કે, અમો જે ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં હતા તે વાહનના નંબર ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છેકે, બનાવવાળો વિસ્તાર રહેણાંક વિસ્તાર હોય ત્યાં આજુ બાજુ રહેણાંક મકાનો તથા દુકાનો આવેલ છે. એ વાત ખરી છેકે, હાલના કામે મે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. એ વાત ખરી છેકે, પેટ્રોલીંગમાં હોય તેવો કોઈ આધાર પુરાવો હાલના કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે, રેડ વાળી જગ્યાએ અમો રેડ પહેલા કયારેય ગયેલ નથી. એ વાત ખરી છેકે, મારી ફરીયાદમાં કઈ વ્યકિતના હાથમાં કયા કલરના પત્તા હતા તે જણાવેલ નથી. એ વાત ખરી છેકે, ગંજી પતાના પાના સહેલાઈથી બજારમાં મળી શકે છે. એ વાત ખરી છેકે, રેડ વાળી જગ્યા કોની મલિકીની હતી તેની ખરાઈ મે કરેલ નથી. એ વાત ખરી છેકે, જુગાર ધારા કલમ–૬ મુજબના વોરંટમાં બધા આરોપીઓની સહી નથી. એ વાત ખરી નથી કે, વોરંટ કયારે મળેલ તેનો સમય ફરીયાદમા જણાવેલ નથી. એ વાત ખરી

છેકે, આરોપીના ઓળખના આઈ.ડી. પ્રુફ મે જોયેલ નથી. એ વાત ખરી નથી કે, મે કોઈ ઈસમની અંગ ઝડતી કરેલ નથી. એ વાત ખરી છેકે, મે કોઈ પંચનામું કરેલ નથી. એ વાત ખરી નથી કે, આવોકોઈ બનાવ બનેલ ન હોવા છતાં આરોપીઓ સામે ખોટી કાર્યવાહી બતાવવા ખોટી ફરીયાદ કરી ફરીયાદને સમર્થન કરવા ખોટી તપાસ કરી, ખોટા નિવેદનો નોંધી, ખોટુ ચાર્જશીટ કરી ખોટી જુબાની આપુ છુ.'' આમ, સદરહું સાહેદે સોગંદ ઉપરની જુબાની અન્વયે ઉપરોકત હકીકતો જણાવેલ છે.

(૧૦) સદરહું કામે ફરીયાદ પક્ષ તરફે આંક–૧૮ થી પંચ સાહેદ નરોતમભાઈ મનજીભાઈ પરમારની સોગંદ ઉપરની જુબાની લેવામાં આવેલ છે, તેમજ આંક–૨૦ થી પંચ સાહેદ દિનેશભાઈ ગોવિંદભાઈ રાઠોડની સોગંદ ઉપરની જુબાની લેવામાં આવેલ છે તે અન્વયે ઉપરોકત બન્ને પંચ સાહેદોએ સંલગ્ન રેઈડ અંગેનાં પંચનામા ને સમર્થનકારક જુબાની આપેલ ન હોવાથી તેઓને ફરિયાદ પક્ષે ફરી ગયેલ જાહેર કરેલ છે તેમજ વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી ઉલટતપાસ કરવા પરવાનગી આપેલ હોય, તે અન્વયે સુચક પ્રશ્નો પુછવા છતાં સદરહું બન્ને પંચ સાહેદોએ સંલગ્ન પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. ત્યારે સદરહુ કામે આંક–૧૯ થી રજૂ રેઈડ અંગેનું પંચનામું યોગ્ય રીતે પુરવાર થતું નથી.

(૧૧) સદરહું કામે ફરીયાદ પક્ષ તરફે આંક–૨૨ પોલીસ સાહેદ પો.કો. જનકભાઈ કાનાભાઈ કરમુરની સોગંદ ઉપરની જુબાની લેવામાં આવેલ છે, તે અન્વયે તેઓએ સરતપાસ દરમ્યાન જણાવેલ છે કે, '' ગઈ તા.૧૪/૦૮/૨૦૨૨ ના કલાક ૨૩:૦૦ વાગ્યા થી અમો તથા પી.એસ.આઈ. એલ. એલ. ગઢવી તથા પો.કો. દિલીપભાઈ બાવળીયા તથા પો.હે.કો. આર. એન. ગોજીયા તથા પો.કો. મેહુલભાઈ રતીલાલ મકવાણા તથા પો.કો. મેહુલભાઈ રામભાઈ પોસ્તરીયા તથા પી.એસ.આઈ. એફ. બી. ગગનીયા સાહેબ સાથે જુગાર ડ્રાઈવ અંગે ના.રા.માં હતાં

દરમ્યાન આજરોજ કલાક ૧:૦૦ વાગ્યે નંદાણા ગામે આવતા પો.હે.કો. આર. એન. ગોજીયાનાઓને ખાનગી રાહે હકીકત મળેલ અને સદરહું હકીકત અમો તથા પી.એસ.આઈ. સાહેબેશ્રીને અગાઉ મળેલ અહીં નંદાણા ગામે ખરાવાળ વિસ્તારમાં રહેતો રમેશચંદ્ર ઉર્ફે બાબલી શેઠ વ્રજલાલ સચદેવ પોતાના રહેણાંક મકાનમાં બહારથી માણસો બોલાવી પોતાના અંગત ફાઈદા માટે નાલ ઉઘરાવી તીન પતી રોન પોલીસ નામનો પ્રસાની હારજીતનો જુગાર રમે રમાડે છે જેવી હકીકત આધારે પી.એસ.આઈ. સાહેબે ખંભાળીયા વિભાગનાઓ પાસેથી જુગાર ધારા કલમ–૦૬ મુજબનું ખાસ વોરંટ નંબર ૨૭/૨૦૨૨ તા. ૧૩/૦૮/૨૦૨૨ થી તા.૧૫/૦૮/૨૦૨૨ સુધીની મુદતનું મેળવેલ. ત્યાર બાદ જુગારનો અખાડો ચાલું હોવાની હકીકત મળતા રાજાભાઈ ગોજીયાએ હકીકત વાળી જગ્યાએ વેરીફાઈ કરતા હાલમાં જુગારનો અખાડો ચાલં હોય જેથી તુરત જ બે પંચોના માણસો બોલાવી પંચોને વાકેફ કરી અરસ પરસ ઝડતી તપાસ કરી કલાક ૧:૧૫ થી ૧:૩૦ સુધીનું પ્રાથમિક પંચનામું કરી લઈ પગે ચાલી હકીકત વાળી જગ્યાએ કલાક ૧:૩૫ વાગ્યે રેઈડ કરતા રાધેક્રિષ્ના નામનો કપડાનો શો રૂમ હોય જે શોરૂમની સીડી ચડતા અંદર પ્રવેશતા કુલ ૫(પાંચ) ઈસમો ગોળ કુંડાળુ વળી ગંજી પતાના પાના પૈસા વડે તીન પતી રોનપોલીસ નામનો જુગાર રમતા હોય તેઓને જેમના તેમ બેસાડી દઈ રમેશચંદ્ર ઉર્ફે બાબલી શેઠ વ્રજલાલ સચદેવના નામનો પોકાર કરતા બેઠેલ ઈસમમાંથી એક ઈસમ ઉભો થયેલ જેને જુગાર ધારા કલમ–૬ ના વોરંટની સમજ કરેલ અને આરોપીઓને તથા મુદ્દામાલ સાથે મળી આવેલ જેમાં (૧)રમેશચંદ્ર ઉર્ફે બાબલી શેઠ વ્રજલાલ સચદેવ, રહે. નંદાણા ગામ ખરાવાડ વિસ્તાર (૨) મેરુભાઈ રણમલભાઈ ચાવડા, રહે. નંદાણા (૩) રામભાઈ સામતભાઈ ચાવડા, રહે. નંદાણા ગામ, (૪) કલ્પેશભાઈ પ્રફુલચંદ્ર સચદેવ, રહે. નંદાણા (૫) રામભાઈ આલાભાઈ આંબલીયા, રહે નંદાણા વાડી વિસ્તાર આ

બધાને પંચનામાની વિગતે અટક કરેલ અને તમામ પાસેથી તથા પટ્ટ માંથી કુલ રોકડ રકમ રૂા. ૩૫૫૦૦/– તથા ગંજી પતાના પાના નંગ–પર કિંમત રૂા. ૦૦–૦૦ ગણી પંચનામાની વિગતે કબજે કરેલ અને આરોપીઓ વિરૂધ્ધ પો.હે.કો. આર. એન. ગોજીયાએ પી.એસ.આઈ. એફ. બી. ગગનીયા સાહેબ રૂબરૂ ફરીયાદ આપેલ. અમો આ કામગીરીમાં સાથે હતા. તપાસ કરનાર અમલદારે મારુ નિવેદન લીધેલુ.'' તેવી હકીકત સદરહું તપાસ કરનાર પોલીસ સાહેદે સરતપાસ દરમ્યાન જણાવેલ છે. સદરહું સાહેદની આરોપી તરફે લેવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે, ''એ વાત ખરી છેકે, મારા નિવેદનમાં પંચોના નામ જણાવેલ નથી. અમો પેટ્રોલીંગમાં ખાનગી વાહનમાં ગયેલા. એ વાત ખરી છે કે, અમો જે ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં હતા તે વાહનના નંબર નિવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી છેકે, બનાવવાળો વિસ્તાર રહેણાંક વિસ્તાર હોય ત્યાં આજુ બાજુ રહેણાંક મકાનો તથા દુકાનો આવેલ છે. એ વાત ખરી છેકે, પેટ્રોલીંગમાં હોય તેવો કોઈ આધાર પુરાવો હાલના કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે, રેડ વાળી જગ્યાએ અમો રેડ પહેલા કયારેય ગયેલ નથી. એ વાત ખરી છેકે, મારા નિવેદનમાં કઈ વ્યકિતના હાથમાં કયા કલરના પત્તા હતા તે જણાવેલ નથી. એ વાત ખરી છેકે, ગંજી પતાના પાના સહેલાઈથી બજારમાં મળી શકે છે. એ વાત ખરી છેકે, રેડ વાળી જગ્યા કોની મલિકીની હતી તેની ખરાઈ મે કરેલ નથી. એ વાત ખરી છેકે, આરોપીના ઓળખના આઈ.ડી. પ્રુફ મે જોયેલ નથી. એ વાત ખરી નથી કે, મે કોઈ ઈસમની અંગ ઝડતી કરેલ નથી. એ વાત ખરી છેકે, મે કોઈ પંચનામું કરેલ નથી. એ વાત ખરી નથી કે,આવોકોઈ બનાવ બનેલ ન હોવા છતાં આરોપીઓ સામે ખોટી કાર્યવાહી બતાવવા ખોટી ફરીયાદ કરી ફરીયાદને સમર્થન કરવા ખોટી જુબાની આપુ છુ.'' આમ, સદરહું સાહેદે સોગંદ ઉપરની જુબાની અન્વયે ઉપરોકત હકીકતો જણાવેલ છે.

(૧૨) સદરહું કામે ફરીયાદ પક્ષ તરફે આંક–૨૩ પોલીસ સાહેદ પો.કો. દિલપભાઈ મનસુખભાઈ બાવળીયાની સોગંદ ઉપરની જુબાની લેવામાં આવેલ છે, તે અન્વયે તેઓએ સરતપાસ દરમ્યાન જણાવેલ છે કે, '' ગઈ તા.૧૪/૦૮/૨૦૨૨ ના કલાક ૨૩:૦૦ વાગ્યા થી અમો તથા પી.એસ.આઈ. એલ. એલ. ગઢવી તથા પો.કો. જનકભાઈ કાનાભાઈ કરમુર તથા પો.હે.કો. આર. એન. ગોજીયા તથા પો.કો. મેહુલભાઈ રતીલાલ મકવાણા તથા પો.કો. મેહુલભાઈ રામભાઈ પોસ્તરીયા તથા પી.એસ.આઈ. એફ. બી. ગગનીયા સાહેબ સાથે જુગાર ડ્રાઈવ અંગે ના.રા.માં હતાં દરમ્યાન આજરોજ કલાક ૧:૦૦ વાગ્યે નંદાણા ગામે આવતા પો.હે.કો. આર. એન. ગોજીયાનાઓને ખાનગી રાહે હકીકત મળેલ અને સદરહું હકીકત અમો તથા પી.એસ.આઈ. સાહેબેશ્રીને અગાઉ મળેલ અહીં નંદાણા ગામે ખરાવાળ વિસ્તારમાં રહેતો રમેશચંદ્ર ઉર્ફે બાબલી શેઠ વ્રજલાલ સચદેવ પોતાના રહેણાંક મકાનમાં બહારથી માણસો બોલાવી પોતાના અંગત ફાઈદા માટે નાલ ઉઘરાવી તીન પતી રોન પોલીસ નામનો પ્રસાની હારજીતનો જુગાર રમે રમાડે છે જેવી હકીકત આધારે પી.એસ.આઈ. સાહેબે ખંભાળીયા વિભાગનાઓ પાસેથી જુગાર ધારા કલમ–૦૬ મુજબનું ખાસ વોરંટ નંબર ૨૭/૨૦૨૨ તા. ૧૩/૦૮/૨૦૨૨ થી તા.૧૫/૦૮/૨૦૨૨ સુધીની મુદતનું મેળવેલ. ત્યાર બાદ જુગારનો અખાડો ચાલું હોવાની હકીકત મળતા રાજાભાઈ ગોજીયાએ હકીકત વાળી જગ્યાએ વેરીફાઈ કરતા હાલમાં જુગારનો અખાડો ચાલં હોય જેથી તુરત જ બે પંચોના માણસો બોલાવી પંચોને વાકેફ કરી અરસ પરસ ઝડતી તપાસ કરી કલાક ૧:૧૫ થી ૧:૩૦ સુધીનું પ્રાથમિક પંચનામું કરી લઈ પગે ચાલી હકીકત વાળી જગ્યાએ કલાક ૧:૩૫ વાગ્યે રેઈડ કરતા રાધેક્રિષ્ના નામનો કપડાનો શો રૂમ હોય જે શોરૂમની સીડી ચડતા અંદર પ્રવેશતા કુલ ૫(પાંચ) ઈસમો ગોળ કુંડાળુ વળી ગંજી પતાના પાના પૈસા વડે તીન પતી રોનપોલીસ નામનો જુગાર રમતા હોય

તેઓને જેમના તેમ બેસાડી  દઈ રમેશચંદ્ર ઉર્ફે બાબલી શેઠ વ્રજલાલ સચદેવના નામનો પોકાર કરતા બેઠેલ ઈસમમાંથી એક ઈસમ ઉભો થયેલ જેને જુગાર ધારા કલમ–૬ ના વોરંટની સમજ કરેલ અને આરોપીઓને તથા મુદ્દામાલ સાથે મળી આવેલ જેમાં (૧)રમેશચંદ્ર ઉર્ફે બાબલી શેઠ વ્રજલાલ સચદેવ, રહે. નંદાણા ગામ ખરાવાડ વિસ્તાર (૨) મેરુભાઈ રણમલભાઈ ચાવડા, રહે. નંદાણા (૩) રામભાઈ સામતભાઈ ચાવડા, રહે. નંદાણા ગામ, (૪) કલ્પેશભાઈ પ્રફુલચંદ્ર સચદેવ, રહે. નંદાણા  (૫) રામભાઈ આલાભાઈ આંબલીયા, રહે નંદાણા વાડી વિસ્તાર આ બધાને પંચનામાની વિગતે અટક કરેલ અને તમામ પાસેથી તથા પટ્ટ માંથી કુલ રોકડ રકમ રૂા. ૩૫૫૦૦/– તથા ગંજી પતાના પાના    નંગ–૫૨  કિંમત રૂા. ૦૦–૦૦ ગણી પંચનામાની વિગતે કબજે કરેલ અને આરોપીઓ વિરૂધ્ધ પો.હે.કો. આર. એન. ગોજીયાએ  પી.એસ.આઈ. એફ. બી. ગગનીયા સાહેબ રૂબરૂ ફરીયાદ આપેલ. અમો આ કામગીરીમાં સાથે હતા. તપાસ કરનાર અમલદારે મારુ નિવેદન લીધેલુ.'' તેવી હકીકત સદરહું તપાસ કરનાર પોલીસ સાહેદે સરતપાસ દરમ્યાન જણાવેલ છે. સદરહું સાહેદની આરોપી તરફે લેવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે, '' એ વાત ખરી છેકે, મારા નિવેદનમાં પંચોના નામ જણાવેલ નથી.  અમો પેટ્રોલીંગમાં ખાનગી વાહનમાં ગયેલા. એ વાત ખરી છે કે, અમો જે ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં હતા તે વાહનના નંબર નિવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી છેકે, બનાવવાળો વિસ્તાર રહેણાંક વિસ્તાર હોય ત્યાં આજુ બાજુ રહેણાંક મકાનો તથા દુકાનો આવેલ છે. એ વાત ખરી છેકે, પેટ્રોલીંગમાં હોય તેવો કોઈ આધાર પુરાવો હાલના કામે રજુ રાખેલ નથી.  એ વાત ખરી છે કે, રેડ વાળી જગ્યાએ અમો રેડ પહેલા કયારેય ગયેલ નથી.  એ વાત ખરી છેકે, મારા નિવેદનમાં કઈ વ્યકિતના હાથમાં કયા કલરના પત્તા હતા તે જણાવેલ નથી.  એ વાત ખરી છેકે, ગંજી પતાના પાના સહેલાઈથી બજારમાં મળી શકે છે.  એ વાત ખરી છેકે, રેડ

વાળી જગ્યા કોની મલિકીની હતી તેની ખરાઈ મે કરેલ નથી. એ વાત ખરી છેકે, આરોપીના ઓળખના આઈ.ડી. પ્રુફ મે જોયેલ નથી. એ વાત ખરી નથી કે, મે કોઈ ઈસમની અંગ ઝડતી કરેલ નથી. એ વાત ખરી છેકે, મે કોઈ પંચનામું કરેલ નથી. એ વાત ખરી નથી કે,આવોકોઈ બનાવ બનેલ ન હોવા છતાં આરોપીઓ સામે ખોટી કાર્યવાહી બતાવવા ખોટી ફરીયાદ કરી ફરીયાદને સમર્થન કરવા ખોટી જુબાની આપુ છુ.'' આમ, સદરહું સાહેદે સોગંદ ઉપરની જુબાની અન્વયે ઉપરોકત હકીકતો જણાવેલ છે.

(૧૩) સદરહું કામે ફરીયાદ પક્ષ તરફે આંક–૨૮ પોલીસ સાહેદ પો.કો.મેહુલભાઈ રામભાઈ પોસ્તરીયાની સોગંદ ઉપરની જુબાનીલેવામાં આવેલ છે, તે અન્વયે તેઓએ સરતપાસ દરમ્યાન જણાવેલ છે કે, ''ગઈ તા.૧૪/૦૮/૨૦૨૨ ના કલાક ૨૩:૦૦ વાગ્યા થી અમો તથા પી.એસ.આઈ. એલ. એલ. ગઢવી તથા પો.કો. જનકભાઈ કાનાભાઈ કરમુર તથા પો.હે.કો. આર. એન. ગોજીયા તથા પો.કો. દિલીપભાઈ મનસુખભાઈ બાવળીયા વિગેરે તથા પી.એસ.આઈ. એફ. બી. ગગનીયા સાહેબ સાથે જુગાર ડ્રાઈવ અંગે ના.રા.માં હતાં દરમ્યાન આજરોજ કલાક ૧:૦૦ વાગ્યે નંદાણા ગામે આવતા પો.હે.કો.આર.એન.ગોજીયાનાઓને ખાનગી રાહે હકીકત મળેલ અને સદરહું હકીકત અમો તથા પી.એસ.આઈ. સાહેબેશ્રીને અગાઉ મળેલ અહીં નંદાણા ગામે ખરાવાળ વિસ્તારમાં રહેતો રમેશચંદ્ર ઉર્ફે બાબલી શેઠ વ્રજલાલ સચદેવ પોતાના રહેણાંક મકાનમાં બહારથી માણસો બોલાવી પોતાના અંગત ફાઈદા માટે નાલ ઉઘરાવી તીન પતી રોન પોલીસ નામનો પ્રસાની હારજીતનો જુગાર રમે રમાડે છે જેવી હકીકત આધારે પી.એસ.આઈ. સાહેબે ખંભાળીયા વિભાગનાઓ પાસેથી જુગાર ધારા કલમ–૦૬ મુજબનું ખાસ વોરંટ નંબર ૨૭/૨૦૨૨ તા.૧૩/૦૮/૨૦૨૨ થી તા.૧૫/૦૮/૨૦૨૨ સુધીની મુદતનું મેળવેલ. ત્યાર બાદ જુગારનો અખાડો ચાલું હોવાની હકીકત મળતા રાજાભાઈ

ગોજીયાએ હકીકત વાળી જગ્યાએ વેરીફાઈ કરતા હાલમાં જુગારનો અખાડો ચાલં હોય જેથી તુરત જ બે પંચોના માણસો બોલાવી પંચોને વાકેફ કરી અરસ પરસ ઝડતી તપાસ કરી કલાક ૧:૧૫ થી ૧:૩૦ સુધીનું પ્રાથમિક પંચનામું કરી લઈ પગે ચાલી હકીકત વાળી જગ્યાએ કલાક ૧:૩૫ વાગ્યે રેઈડ કરતા રાધેક્રિષ્ના નામનો કપડાનો શો રૂમ હોય જે શોરૂમની સીડી ચડતા અંદર પ્રવેશતા કુલ ૫(પાંચ) ઈસમો ગોળ કુંડાળુ વળી ગંજી પતાના પાના પૈસા વડે તીન પતી રોનપોલીસ નામનો જુગાર રમતા હોય તેઓને જેમના તેમ બેસાડી દઈ રમેશચંદ્ર ઉર્ફે બાબલી શેઠ વ્રજલાલ સચદેવના નામનો પોકાર કરતા બેઠેલ ઈસમમાંથી એક ઈસમ ઉભો થયેલ જેને જુગાર ધારા કલમ–૬ ના વોરંટની સમજ કરેલ અને આરોપીઓને તથા મુદ્દામાલ સાથે મળી આવેલ જેમાં (૧)રમેશચંદ્ર ઉર્ફે બાબલી શેઠ વ્રજલાલ સચદેવ, રહે. નંદાણા ગામ ખરાવાડ વિસ્તાર (૨) મેરુભાઈ રણમલભાઈ ચાવડા, રહે. નંદાણા (૩) રામભાઈ સામતભાઈ ચાવડા, રહે. નંદાણા ગામ, (૪) કલ્પેશભાઈ પ્રફુલચંદ્ર સચદેવ, રહે. નંદાણા (૫) રામભાઈ આલાભાઈ આંબલીયા, રહે નંદાણા વાડી વિસ્તાર આ બધાને પંચનામાની વિગતે અટક કરેલ અને તમામ પાસેથી તથા પટ્ટ માંથી કુલ રોકડ રકમ રૂા. ૩૫૫૦૦/– તથા ગંજી પતાના પાના નંગ–૫૨ કિંમત રૂા. ૦૦–૦૦ ગણી પંચનામાની વિગતે કબજે કરેલ અને આરોપીઓ વિરૂધ્ધ પો.હે.કો. આર. એન. ગોજીયાએ પી.એસ.આઈ. એફ. બી. ગગનીયા સાહેબ રૂબરૂ ફરીયાદ આપેલ. અમો આ કામગીરીમાં સાથે હતા. તપાસ કરનાર અમલદારે મારુ નિવેદન લીધેલુ.'' તેવી હકીકત સદરહું તપાસ કરનાર પોલીસ સાહેદે સરતપાસ દરમ્યાન જણાવેલ છે. સદરહું સાહેદની આરોપી તરફે લેવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે, મારા નિવેદનમાં પંચોના નામ જણાવેલ નથી. અમો પેટ્રોલીંગમાં ખાનગી વાહનમાં ગયેલા. એ વાત ખરી છે કે, અમો જે ખાનગી

વાહનમાં પેટ્રોલીંગમાં હતા તે વાહનના નંબર નિવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી છેકે, બનાવવાળો વિસ્તાર રહેણાંક વિસ્તાર હોય ત્યાં આજુ બાજુ રહેણાંક મકાનો તથા દુકાનો આવેલ છે. એ વાત ખરી છેકે, પેટ્રોલીંગમાં હોય તેવો કોઈ આધાર પુરાવો હાલના કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે, રેડ વાળી જગ્યાએ અમો રેડ પહેલા કયારેય ગયેલ નથી. એ વાત ખરી છેકે, મારા નિવેદનમાં કઈ વ્યકિતના હાથમાં કયા કલરના પત્તા હતા તે જણાવેલ નથી. એ વાત ખરી છેકે, ગંજી પતાના પાના સહેલાઈથી બજારમાં મળી શકે છે. એ વાત ખરી છે કે, રેડ વાળી જગ્યા કોની મલિકીની હતી તેની ખરાઈ મે કરેલ નથી. એ વાત ખરી છેકે, આરોપીના ઓળખના આઈ.ડી. પ્રુફ મે જોયેલ નથી. એ વાત ખરી નથી કે, મે કોઈ ઈસમની અંગ ઝડતી કરેલ નથી. એ વાત ખરી છેકે, મે કોઈ પંચનામું કરેલ નથી. એ વાત ખરી નથી કે, આવો કોઈ બનાવ બનેલ ન હોવા છતાં આરોપીઓ સામે ખોટી કાર્યવાહી બતાવવા ખોટી ફરીયાદ કરી ફરીયાદને સમર્થન કરવા ખોટી જુબાની આપુ છુ.'' આમ, સદરહું સાહેદે સોગંદ ઉપરની જુબાની અન્વયે ઉપરોકત હકીકતો જણાવેલ છે.

(૧૪) સદરહું કામે ફરીયાદ પક્ષ તરફે આંક–૨૯ પોલીસ સાહેદ પી.એસ.ઓ. એ.એસ.આઈ. રામશીભાઈ વિક્રમભાઈ ચાવડાની સોગંદ ઉપરની જુબાની લેવામાં આવેલ છે, તે અન્વયે તેઓએ સરતપાસ દરમ્યાન જણાવેલ છે કે, ''ગઈ તા.૧૫/૦૮/૨૦૨૨ ના રોજ અમો પી.એસ.ઓ.ના ફરજમાં હોય તે દરમ્યાન ફરીયાદી રાજાભાઈ નાથાભાઈ ગોજિયાએ પો.હે.કો. કલ્યાણપુર પો.સ્ટે.નાઓની પી.એસ.આઈ.એફ.બી.ગગનીયા સાહેબ રૂબરૂની ફરીયાદ આપતા, ફરીયાદ તથા પંચનામું વોરંટ તથા વિગેરે કાગળોના આધારે ગુન્હો રજી પાર્ટ બી ગુ.રજી. નં.૨૦૯૬૭/૨૦૨૨, જુગારધાર કલમ ૪,૫ મુજબ કરી આગળની તપાસ થવા સારૂ પો.હે.કો. આર.એન.ગોજીયાનાઓને સોંપલ તે સિવાય બીજી કોઈ કામગીરી કરેલ

નહી.'' તેવી હકીકત સદરહું તપાસ કરનાર પોલીસ સાહેદે સરતપાસ દરમ્યાન જણાવેલ છે. સદરહું સાહેદની આરોપી તરફે લેવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે, આ કામે મે માત્ર ફરીયાદ દાખલ કરેલ તે સિવાય બીજી કોઈ કામગીરી કરેલ નહી.'' આમ, સદરહું સાહેદે સોગંદ ઉપરની જુબાની અન્વયે ઉપરોકત હકીકતો જણાવેલ છે.

(૧૫) સદરહું કામે ફરીયાદ પક્ષ તરફે આંક–૩૦ પોલીસ સાહેદ પી.એસ.આઈ. મેહુલભાઈ રતિલાલ મકવાણાની સોગંદ ઉપરની જુબાની લેવામાં આવેલ છે, તે અન્વયે તેઓએ સરતપાસ દરમ્યાન જણાવેલ છે કે, '' ગઈ તા.૧૪/૦૮/૨૦૨૨ ના કલાક ૨૩:૦૦ વાગ્યા થી અમો તથા પી.એસ.આઈ. એલ. એલ. ગઢવી તથા પો.કો. જનકભાઈ કાનાભાઈ કરમુર તથા પો.હે.કો. આર. એન. ગોજીયા તથા પો.કો. દિલીપભાઈ મનસુખભાઈ બાવળીયા તથા પો.કો. મેહુલભાઈ રામભાઈ પોસ્તરીયા તથા પી.એસ.આઈ. એફ. બી. ગગનીયા સાહેબ સાથે જુગાર ડ્રાઈવઅંગે ના.રા.માં હતાં દરમ્યાન આજરોજ કલાક ૧:૦૦ વાગ્યે નંદાણા ગામે આવતા પો.હે.કો.આર.એન.ગોજીયાનાઓને ખાનગી રાહે હકીકત મળેલ અને સદરહું હકીકત અમો તથા પી.એસ.આઈ. સાહેબેશ્રીને અગાઉ મળેલ અહીં નંદાણા ગામે ખરાવાળ વિસ્તારમાં રહેતો રમેશચંદ્ર ઉર્ફે બાબલી શેઠ વ્રજલાલ સચદેવ પોતાના રહેણાંક મકાનમાં બહારથી માણસો બોલાવી પોતાના અંગત ફાઈદા માટે નાલ ઉઘરાવી તીન પતી રોન પોલીસ નામનો પ્રસાની હારજીતનો જુગાર રમે રમાડે છે જેવી હકીકત આધારે પી.એસ.આઈ. સાહેબે ખંભાળીયા વિભાગનાઓ પાસેથી જુગાર ધારા કલમ–૦૬ મુજબનું ખાસ વોરંટ નંબર ૨૭/૨૦૨૨ તા.૧૩/૦૮/૨૦૨૨ થી તા.૧૫/૦૮/૨૦૨૨ સુધીની મુદતનું મેળવેલ. ત્યાર બાદ જુગારનો અખાડો ચાલું હોવાની હકીકત મળતા રાજાભાઈ ગોજીયાએ હકીકત વાળી જગ્યાએ વેરીફાઈ કરતા હાલમાં જુગારનો અખાડો ચાલં હોય જેથી તુરત જ બે

પંચોના માણસો બોલાવી પંચોને વાકેફ કરી અરસ પરસ ઝડતી તપાસ કરી કલાક ૧:૧૫ થી ૧:૩૦ સુધીનું પ્રાથમિક પંચનામું કરી લઈ પગે ચાલી હકીકત વાળી જગ્યાએ કલાક ૧:૩૫ વાગ્યે રેઈડ કરતા રાધેક્રિષ્ના નામનો કપડાનો શો રૂમ હોય જે શોરૂમની સીડી ચડતા અંદર પ્રવેશતા કુલ ૫(પાંચ) ઈસમો ગોળ કુંડાળુ વળી ગંજી પતાના પાના પૈસા વડે તીન પતી રોનપોલીસ નામનો જુગાર રમતા હોય તેઓને જેમના તેમ બેસાડી દઈ રમેશચંદ્ર ઉર્ફે બાબલી શેઠ વ્રજલાલ સચદેવના નામનો પોકાર કરતા બેઠેલ ઈસમમાંથી એક ઈસમ ઉભો થયેલ જેને જુગાર ધારા કલમ–૬ ના વોરંટની સમજ કરેલ અને આરોપીઓને તથા મુદ્દામાલ સાથે મળી આવેલ જેમાં (૧)રમેશચંદ્ર ઉર્ફે બાબલી શેઠ વ્રજલાલ સચદેવ, રહે. નંદાણા ગામ ખરાવાડ વિસ્તાર (૨) મેરુભાઈ રણમલભાઈ ચાવડા, રહે. નંદાણા (૩) રામભાઈ સામતભાઈ ચાવડા, રહે. નંદાણા ગામ, (૪) કલ્પેશભાઈ પ્રફુલચંદ્ર સચદેવ, રહે. નંદાણા (૫) રામભાઈ આલાભાઈ આંબલીયા, રહે નંદાણા વાડી વિસ્તાર આ બધાને પંચનામાની વિગતે અટક કરેલ અને તમામ પાસેથી તથા પટ્ટ માંથી કુલ રોકડ રકમ રૂા. ૩૫૫૦૦/– તથા ગંજી પતાના પાના નંગ–૫૨ કિંમત રૂા. ૦૦–૦૦ ગણી પંચનામાની વિગતે કબજે કરેલ અને આરોપીઓ વિરૂધ્ધ પો.હે.કો. આર. એન. ગોજીયાએ પી.એસ.આઈ. એફ. બી. ગગનીયા સાહેબ રૂબરૂ ફરીયાદ આપેલ. અમો આ કામગીરીમાં સાથે હતા. તપાસ કરનાર અમલદારે મારુ નિવેદન લીધેલુ.'' તેવી હકીકત સદરહું તપાસ કરનાર પોલીસ સાહેદે સરતપાસ દરમ્યાન જણાવેલ છે. સદરહું સાહેદની આરોપી તરફે લેવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે, મારા નિવેદનમાં પંચોના નામ જણાવેલ નથી. અમો પેટ્રોલીંગમાં ખાનગી વાહનમાં ગયેલા. એ વાત ખરી છે કે, અમો જે ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં હતા તે વાહનના નંબર નિવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી છેકે, બનાવવાળો વિસ્તાર રહેણાંક વિસ્તાર હોય ત્યાં આજુ

બાજુ રહેણાંક મકાનો તથા દુકાનો આવેલ છે. એ વાત ખરી છેકે, પેટ્રોલીંગમાં હોય તેવો કોઈ આધાર પુરાવો હાલના કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે, રેડ વાળી જગ્યાએ અમો રેડ પહેલા કયારેય ગયેલ નથી. એ વાત ખરી છેકે, મારા નિવેદનમાં કઈ વ્યકિતના હાથમાં કયા કલરના પત્તા હતા તે જણાવેલ નથી. એ વાત ખરી છેકે, ગંજી પતાના પાના સહેલાઈથી બજારમાં મળી શકે છે. એ વાત ખરી છે કે, રેડ વાળી જગ્યા કોની મલિકીની હતી તેની ખરાઈ મે કરેલ નથી. એ વાત ખરી છેકે, આરોપીના ઓળખના આઈ.ડી. પ્રુફ મે જોયેલ નથી. એ વાત ખરી નથી કે, મે કોઈ ઈસમની અંગ ઝડતી કરેલ નથી. એ વાત ખરી છેકે, મે કોઈ પંચનામું કરેલ નથી. એ વાત ખરી નથી કે, આવો કોઈ બનાવ બનેલ ન હોવા છતાં આરોપીઓ સામે ખોટી કાર્યવાહી બતાવવા ખોટી ફરીયાદ કરી ફરીયાદને સમર્થન કરવા ખોટી જુબાની આપુ છુ.'' આમ, સદરહું સાહેદે સોગંદ ઉપરની જુબાની અન્વયે ઉપરોકત હકીકતો જણાવેલ છે.

(૧૬) ફરીયાદી પક્ષે આરોપી સામે આક્ષેપીત ગુના સબબ રજુ થયેલ પુરાવો વંચાણે લેતા જે જગ્યાએ રેડ કરવામાં આવી તે જગ્યા રમેશચંદ્ર ઉર્ફે બાબલી શેઠ વ્રજલાલ સચદેવ નાઓના કબજા ભોગવટામાં હતી કે તેઓની માલીકીની હતી તે બાબતે ફરીયાદ પક્ષે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. આમ રેડ વાળી જગ્યા આરોપીના કબજામા હતી તેવુ સાબીત થઈ શકતુ નથી. તેમજ સ્થળ પર આરોપીઓની અટક કરતા સમયે અટક પંચનામું કરવામાં આવેલ તે બાબતે પણ કોઈ સ્પષ્ટ પુરાવો ફરીયાદપક્ષે રજુ કરેલ નથી. આ સાહેદ તેમની ઉલટ તપાસમાં બનાવવાળા વિસ્તારની આજુબાજુમાં મકાનો આવેલ હોવાનો અને માણસોની અવર જવર રહેતી હોવાનો પુરાવો રજુ કરેલ હોવા છતાં કોઈ સ્વતંત્ર સાહેદનું નિવેદન લેવામાં આવેલ નથી. તેમજ ગંજી પત્તા બજારની અંદર આસાનીથી મળી શકે તેમ છે તેથી ફરીયાદ પક્ષે આરોપીઓ દ્વારા ગંજી પત્તા વડે નસીબ આધારીત

જુગાર રમતા હોવાનુ અને આરોપીઓ ધ્વારા એવા જુગારના આધારે પૈસાની હાર–જીત કરેલ હોવાની હકીકત યોગ્ય અને સચોટ પુરાવાથી સાબીત કરેલ નથી.

(૧૭) આમ ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવા પર આધાર રાખી આરોપીઓને તકસીરવાર ઠરાવવુ ન્યાયીક જણાઈ આવતુ નથી તેમજ અન્ય કોઈ સ્વતંત્ર સાહેદના પુરાવાથી ફરીયાદ પક્ષને સમર્થન પ્રાપ્ત થયેલ નથી. તેમજ બચાવ પક્ષે સમગ્ર કાર્યવાહી દરમ્યાન મુદ્દામાલ પાવતી નં.૧૧૭/૨૦૨૨ માં જણાવેલ વાહનો અને મોબાઈલ સીવાયનો કોઈ મુદ્દામાલ કલેઈમ કરેલ નથી જે હકીકત ધ્યાને લેવામાં આવેલ છે. આમ, ઉપરોકત રજુ થયેલ પુરાવો વંચાણે લેતા ફરીયાદપક્ષ તમામ આરોપીઓ બનાવ સમયે પૈસાથી હારજીતનો જુગાર રમતા આરોપી નં.૧ ના મકાનમા જુગારના સાહીત્ય સાથે મળી આવેલ હોય તેવી કોઈ હકીકત ફરીયાદપક્ષ નિ:શંક પણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય આ કોર્ટ મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબ નો આખરીનો હુકમ કરવામાં આવે છે.

**<u>–: આખરી હુકમ :–</u>**

(૧) આથી, સદરહું કામના આરોપી (૧)રમેશચંદ્ર ઉર્ફે બાબલી શેઠ વ્રજલાલ સચદેવ, જાતે : હિન્દુ, ઉ.વ. ૩૮, ધંધો–વેપાર, રહે. નંદાણા ગામ, તા. કલ્યાણપુર, જી.દેવભુમિધ્વારકા. (૨) મેરુભાઈ રણમલભાઈ ચાવડા, જાતે : આહીર, ઉ.વ. ૩૩, ધંધો–ખેતીકામ, રહે. નંદાણા ગામ, શહીદવીરના સ્મારક બાજુમાં, તા. કલ્યાણપુર, જી. દેવભુમિધ્વારકા. (૩) રામભાઈ સામતભાઈ ચાવડા, જાતે : આહીર, ઉ.વ. ૪૨, ધંધો–ખેતીકામ, રહે. નંદાણા ગામ વાછરાદાદાના મંદિર પાસે, તા. કલ્યાણપુર, જી. દેવભુમિધ્વારકા. (૪)કલ્પેશભાઈ પ્રફુલચંદ્ર સચદેવ, જાતે : લોહાણા, ઉ.વ. ૩૫, ધંધો–વેપાર, રહે. નંદાણા ગામ, હનુમાનજીના મંદિર પાસે, તા. કલ્યાણપુર, જી. દેવભુમિધ્વારકા. (૫)

રામભાઈ આલાભાઈ આંબલીયા, જાતે : આહીર, ઉ.વ. ૩૨, ધંધો–ખેતી, રહે. નંદાણા વાડી વિસ્તાર, તા. કલ્યાણપુર, જી. દેવભુમિધ્વારકાવાળાને જુગાર ધારાની કલમ–૪, ૫ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૪૮(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) પ્રત્યેક આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૪૩૭ એ મુજબ છ માસ માટે રૂા.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા)ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજૂ કરવા.

(૩) અપીલ સમય વિત્યેથી મુદામાલ પાવતી નં.૧૧૭/૨૨ માં જણાવેલ અન્ય મુદામાલ અંગે કરવામા આવેલ વચગાળાના હુકમો આથી કાયમ રાખવામા આવે છે અથવા તો પોલીસ સ્ટેશનના સક્ષમ અધિકારીશ્રીએ સદરહું મુદ્દામાલના માલિકી અંગેની ખરાઈ કરી તેને પરત આપવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ રોકડ રકમ રૂા.૩૫,૫૦૦/– રાજયસાત કરવાનો હુકમ કરવામાં આવે છે તેમજ ગંજીપતાના પાના નંગ–૫૨ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ, આજ રોજ તારીખ–૦૭, માહે–ઓકટોબર, સને–૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૭/૧૦/૨૦૨૩.
કલ્યાણપુર.

(Mr. Mohmedsarfaraz Abdulkadar Shaikh)
GJ01628
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
તા. કલ્યાણપુર જી. દેવભુમિધ્વારકા.